પ્રથમ સત્ર મૂલ્યાંકન કસોટી

ધોરણ : ૫ | વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) | એકમ : ૧ અને ૨ | કુલ ગુણ : ૪૦

વિદ્યાર્થીનું નામ : ..... **રોલ નં. :** ..... **વર્ગ :** .....

શાળાનું નામ : ..... **તારીખ :** ..../..../૨૦૨... **મેળવેલ ગુણ :** ..... / ૪૦

પ્રશ્ન - ૧. નીચે આપેલો ફકરો વાંચી પ્રશ્નોના સાચા વિકલ્પ પસંદ કરો. (કોઈપણ પાંચ) [૦૫ ગુણ]

દિયા અને પ્રિયાંશી બહેનપણીઓ હતી. બંને ખૂબ જ પ્રેમથી રહેતી. એક રવિવારે સાંજે તેઓ બગીચામાં સાઇકલ ચલાવતી હતી. અચાનક કોઈ કારણસર સંતુલન ખોરવાતાં પ્રિયાંશી પડી ગઈ. તેના ઘૂંટણે નાની ઈજા થઈ. પ્રિયાંશી રડવા લાગી, દિયા તરત તેની પાસે દોડી આવી. તેણે પ્રિયાંશીને ઊભી કરી, પાણી પિવડાવ્યું અને ધીમે ધીમે ઘરે લઈ ગઈ. તેની મમ્મીએ દવા લગાવી. પ્રિયાંશીને સારું લાગ્યું. પ્રિયાંશીએ દિયાને કહ્યું, “તું મારી સાચી મિત્ર છે.” દિયાએ હસીને કહ્યું: “આપણે હંમેશાં એકબીજાને મદદ કરવી જોઈએ. મુશ્કેલીના સમયમાં એકબીજાને મદદ કરવી એ જ સાચી મિત્રતા છે.”

૧. પ્રિયાંશીને મદદ ન કરી હોત તો શું થાત?

(A) પ્રિયાંશી તરત ઘરે પહોંચી જાત
(B) પ્રિયાંશીને વધુ મુશ્કેલી પડી હોત
(C) બંને ફરી સાઇકલ ચલાવત
(D) કશું જ ન બનત

૨. દિયાનો સ્વભાવ કેવો હતો?

(A) દિયા ગુસ્સાવાળી હતી
(B) દિયા મદદરૂપ થનાર અને સમજદાર હતી
(C) દિયા એકલી રહેતી હતી
(D) દિયાને રમવું ગમતું નહોતું

૩. આ ઘટનામાંથી તમે શું શીખ્યા?

(A) ઝડપથી સાઇકલ ચલાવવી
(B) બગીચામાં ન જવું
(C) મુશ્કેલીમાં એકબીજાને મદદ કરવી
(D) રોજ દવા લગાવવી

૪. તમારી બહેનપણી તમારી મદદ કરે તો તમને કેવું લાગે?

(A) ગુસ્સો આવે
(B) દુઃખ થાય
(C) ખુશી થાય
(D) નવાઈ લાગે

૫. દિયાએ સૌ પ્રથમ શું કર્યું?

(A) પ્રિયાંશીને એકલી મૂકીને જતી રહી
(B) બીજા લોકોને મદદ કરવા દોડી ગઈ
(C) પ્રિયાંશીને દવાખાને લઈ ગઈ
(D) પ્રિયાંશીને સંભાળીને ઊભી કરી ઘરે લઈ ગઈ

પ્રશ્ન - ૨. આપેલી ટિકિટની વિગત વાંચી પ્રશ્નોના સાચા ઉત્તર આપો. [૦૫ ગુણ]

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)

ડેપો : છોટાભીમ ડેપો | **ડિવિઝન :** આનંદપુર | **ટિકિટ નં. :** 054824
તારીખ : 20/03/2022 | **સમય :** 14:39:10 | **મુસાફરો :** ૨ (બે)
મુસાફરી : ઢોલકપુર થી અમદાવાદ | **કુલ અંતર :** 303 કિમી | **કુલ ભાડું :** ₹ 352/-

“સલામત સવારી, એસ.ટી. અમારી”

૧. ટિકિટ પર દર્શાવેલ સમય 14:39:10 ને સામાન્ય ઘડિયાળ મુજબ કેવી રીતે બોલાય?

(A) સવારના ૦૨:૩૯
(B) બપોરના ૦૨:૩૯
(C) સાંજના ૦૪:૩૯
(D) રાત્રિના ૧૦:૩૯

૨. મુસાફરી કયા સ્થળેથી કયા સ્થળ તરફ થઈ રહી છે?

(A) અમદાવાદથી આનંદપુર
(B) અમદાવાદથી ઢોલકપુર
(C) આનંદપુરથી અમદાવાદ
(D) ઢોલકપુરથી અમદાવાદ

૩. ટિકિટ મુજબ મુસાફરી કયા વર્ષ અને મહિનામાં થયેલી છે?

(A) ડિસેમ્બર ૨૦૨૨
(B) માર્ચ ૨૦૨૨
(C) જૂન ૨૦૨૨
(D) સપ્ટેમ્બર ૨૦૨૨

૪. આ ટિકિટ પર કુલ કેટલા મુસાફરોએ સફર કરી છે?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

૫. ટિકિટમાં મુસાફરો માટે કયો સ્લોગન / શુભેચ્છા સંદેશ લખેલ છે?

(A) આનંદદાયી મુસાફરી
(B) સલામત સવારી, એસ.ટી. અમારી
(C) આપની યાત્રા મંગલમય બને
(D) હાથ ઊંચો કરો અને બસ રોકો

પ્રશ્ન - ૩. નીચે આપેલા વિષય પર ૭ થી ૮ વાક્યોમાં વર્ણન કરો. [૦૫ ગુણ]

વિષય : "વૃક્ષારોપણ ઝુંબેશ" (પર્યાવરણ બચાવો - વધુ વૃક્ષો વાવો)

.....

.....

.....

.....

પ્રશ્ન - ૪. આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ૭ થી ૮ વાક્યો લખો. [૦૫ ગુણ]

(૧) તમે વાંચેલાં પુસ્તક વિશે લખો. **અથવા** (૨) ગરમીમાં પક્ષીઓની સંભાળ. **અથવા** (૩) તમે પાણીનો સદુપયોગ કેવી રીતે કરો છો?

પસંદ કરેલ વિષય : .....

.....

.....

.....

પ્રશ્ન - ૫. આપેલી પરિસ્થિતિમાં તમે શું કરશો? તે ૫ થી ૭ વાક્યોમાં લખો. (કોઈપણ એક) [૦૫ ગુણ]

(૧) રસ્તા પર ઘવાયેલું ગલૂડિયું પડ્યું છે, તો તમે શું કરશો? **અથવા** (૨) તમારાં મમ્મી બીમાર છે, તો તમે તેમને ઘરકામમાં કેવી રીતે મદદરૂપ થશો?

.....

.....

.....

પ્રશ્ન - ૬. માગ્યા મુજબ ઉત્તર આપો. [૦૮ ગુણ]

(અ) આપેલા શબ્દમાંથી બનતા બીજા નવા શબ્દો બનાવો. (કોઈપણ બે) [૦૨]

ઉદાહરણ : સરગાસણ → ગાર, સર, રણ, સગા

૧. કમળકાકડી : ..... ૨. માનસરોવર : .....

૩. ભારતમાતા : .....

(બ) આડાઅવળા થયેલા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (કોઈપણ બે) **[૦૨]**

૧. પાણીમાં તરે છે માછલીઓ રંગબેરંગી

જવાબ : .....

૨. દાદાજી રોજ સંભળાવે છે વાર્તા સરસ

જવાબ : .....

૩. છે મોર પક્ષી રાષ્ટ્રીય આપણું

જવાબ : .....

(ક) આપેલા અર્થ/શબ્દનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (કોઈપણ બે) **[૦૨]**

૧. વાટ (રાહ / પ્રતીક્ષા) → .....

૨. ભાળવું (જોવું / દેખાવું) → .....

૩. સોડમ (સુગંધ) → .....

(ડ) વિચારો અને કલ્પના કરીને વાક્ય પૂરું કરો. (કોઈપણ બે) **[૦૨]**

૧. જો મારી પાસે આકાશમાં ઊડતી કાર હોય તો .....

૨. મને પશુ-પક્ષીઓ સાથે વાતો કરતાં આવડી જાય તો .....

૩. મને અદૃશ્ય થવાની શક્તિ મળી જાય તો .....

પ્રશ્ન - ૭. ભાષાસજ્જતા અને વ્યાકરણ આધારિત પ્રશ્નો : [૦૭ ગુણ]

(અ) વાક્યોમાં રહેલા ખોટા શબ્દો સુધારી વાક્ય ફરીથી લખો. (કોઈપણ બે) **[૦૨]**

૧. કૂવાની પાળે એક નાનો કાબર બેઠી હતી. → .....

૨. મમ્મીએ સ્વાદિષ્ટ રસોઈ બનાવ્યો. → .....

૩. સસલું ખૂબ ઝડપથી દોડવા લાગ્યો. → .....

(બ) કૌંસમાંથી યોગ્ય સર્વનામ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કોઈપણ બે) **[૦૨]**

(તેણે, હું, અમે, તારી)

૧. ..... મને સુંદર કવિતા સંભળાવી.

૨. ..... નિયમિત શાળાએ જાઉં છું.

૩. ..... આજે સાંજે બગીચામાં રમવા જઈશું.

(ક) કૌંસમાંથી યોગ્ય વિશેષણ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કોઈપણ એક) **[૦૧]**

૧. ..... કેરી (સડેલા / સડેલી / સડેલું / સડેલો)

૨. ..... વડલો (લીલુંછમ / લીલીછમ / લીલોછમ / લીલાછમ)

(ડ) પ્રશ્ન વાંચી સાચો વિકલ્પ પસંદ કરો. (કોઈપણ બે) **[૦૨]**

૧. 'પપ્પા રસોડામાં રસોઈ બનાવે છે.' આ વાક્યમાં 'રસોડામાં' જવાબ મેળવવા કયો પ્રશ્ન પૂછશો?

(A) કોણ રસોઈ બનાવે છે? (B) પપ્પા ક્યાં રસોઈ બનાવે છે?

(C) પપ્પા ક્યારે રસોઈ બનાવે છે? (D) પપ્પા શું બનાવે છે?

૨. 'ફૂલદાનીમાં સાત ફૂલ છે.' વાક્યમાં 'સાત' જવાબ મેળવવા કયો પ્રશ્નસૂચક શબ્દ વપરાશે?

(A) ક્યાં (B) કેટલાં

(C) કેમ (D) ક્યારે

૩. 'મને ઠંડી લાગે છે તેથી મેં સ્વેટર પહેર્યું.' સ્વેટર પહેરવાનું કારણ જાણવા કયો પ્રશ્ન પૂછશો?

(A) તમે સ્વેટર કેમ પહેર્યું? (B) તમે સ્વેટર ક્યાં પહેર્યું?

(C) તમે સ્વેટર કોને પહેરાવ્યું? (D) સ્વેટર કોણ લાવ્યું?